# બાજખેડાવાળ પત્રિકા

## बाजखेडावाल पत्रिका Bajkhedawal Patrika


વર્ષ : ૧૮
અંક : ૧૦

૨૦૨૪ : ઓક્ટોબર
માસિક : રૂ. ૫/–



**: તંત્રી :**

**શ્રી જગતભાઈ એચ. દવે**

૨, સરદાર પટેલ સોસાયટી, કરમસદ રોડ,
વલ્લભ વિદ્યાનગર–૩૮૮૧૨૦. (મો.) ૯૯૨૫૯૪૬૬૦૪



**: પ્રકાશક :**

**શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા**

**શ્રી વિદ્યાબેન ચંદ્રપ્રસાદ ત્રિવેદી ભવન**

૧–૨, રામેશ્વર ફલેટ, બાજખેડાવાળ સોસાયટી પાસે, મણિનગર (પૂ), અમદાવાદ–૮
મોબાઈલ નંબર : ૭૫૭૩૯૭૮૪૭૭
કાર્યાલયનો સમય સવારે : ૧૦.૩૦ થી ૫.૩૦

**શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા**
**શ્રી બાજખેડાવાળ વિદ્યાર્થી સહાયક સહકારી મંડળી લી.**
**શ્રી બાજખેડાવાળ એજ્યુકેશન સોસાયટી**

આપના ઘરમાં હંમેશાં ધનની વર્ષા રહે, સંકટનો નાશ થાય અને શાંતિનો વાસ રહે. દીપાવલી તથા આવનારૂ નૂતન વર્ષ આપને તથા આપના પરિવારને સુખમય, સમૃદ્ધિમય, આરોગ્યમય, યશસ્વી નિવડે તેજ પ્રભુ પાસે પ્રાર્થના સહ.

## શુભ દિપાવલી !!
## નૂતન વર્ષાભિનંદન !!

શ્રી જગતભાઈ દવે (તંત્રી), દિલીપભાઈ પંડ્યા (પ્રુફ રીડર)
તથા તંત્રીમંડળના સભ્યો, બાજખેડાવાળ પત્રિકા

✦✦✦✦✦✦

શ્રી કિરીટકુમાર દવે (પ્રમુખશ્રી) શ્રી સમીરભાઈ દવે (મંત્રીશ્રી)
તથા ટ્રસ્ટીઓ, હોદ્દેદારો અને કારોબારી સભ્યો
**શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા, અમદાવાદ**

✦✦✦✦✦✦

શ્રી પ્રણવકુમાર જોષી (પ્રમુખશ્રી) શ્રી સમીરભાઈ દવે (મંત્રીશ્રી)
તથા હોદ્દેદારો અને કારોબારી સભ્યો
**શ્રી બાજખેડાવાળ વિદ્યાર્થી સહાયક સહકારી મંડળી લી., અમદાવાદ**

✦✦✦✦✦✦

શ્રી કિરીટકુમાર દવે (પ્રમુખશ્રી) શ્રી પ્રણવકુમાર જોષી (મંત્રીશ્રી)
તથા હોદ્દેદારો અને કારોબારી સભ્યો
**શ્રી બાજખેડાવાળ એજ્યુકેશન સોસાયટી, વિદ્યાનગર**

# તંત્રી લેખ...

જાણો મંદિર પર ધજા શા માટે ફરકાવવામાં આવે છે અને તેનું મહત્વ વિવિધ મંદિરો દેવસ્થાનોમાં ધજા શા માટે ફરકે છે ? એવો સવાલ આપણને ક્યારેક તો જરૂર થયો હશે ? ધજાનું આધ્યાત્મિક મહત્વ અનેરું છે. ફરકતી ધજા મંદિર માટે અગત્યની છે. ધજા મંદિરના શિખર પર એક દંડમાં ફરકતી રહે છે, વરસાદ હોય કે પવન, પણ તે ફરકવાનું ભૂલતી નથી. આપણે જુદાં જુદાં મંદિરોમાં જુદાં જુદાં રંગ ધજાઓના દર્શન કરીએ છીએ. ધજા બનાવવા માટે સાટિન અથવા રેશમનું કાપડ વપરાય છે જેને સજાવવા માટે તૂઈ કે જરીનો ઉપયોગ થાય છે.

મંદિર ઉપર ધજા શા માટે ? એનો જવાબ મંદિર નિર્માણ શાસ્ત્રમાં સોમપુરાઓએ લખ્યો છે કે મંદિર એ દેવ શરીર સ્વરૂપ છે. એના પાયા એ પગ છે, એના પિલર ઘૂંટણ છે, ગર્ભગૃહ એનું હૃદય છે અને તેમાં બળતો દીવો આત્માનું પ્રતીક છે. જ્યારે શિખર એ મસ્તક છે અને તેના ઉપર ફરકતી ધજાએ વાળ સ્વરૂપે ફરકે છે તેવું વર્ણન છે. બ્રહ્માંડમાંથી દેવી શક્તિને તથા સકારાત્મક તરંગોને મંદિરમાં બોલાવવા માટે ધજા એ રડાર જેવું કામ કરે છે. દ્વારકાધીશના મંદિરમાં ચડતી બાવન ગજની ધજા ચડાવનાર ભક્તને બાવન સંયોગો તથા લાભની પ્રાપ્તિ થાય છે. આ ધજાને મસ્તકે ચડાવવાથી ચિંતામુક્તિનો અનુભવ થાય છે. બાવજ ગજની ધજાનો અર્થ આ પ્રમાણે છે. ૪ દિશા, ૧૨ રાશિ, ૯ ગ્રહો, ૨૭ નક્ષત્રોનો સરવાળો ૫૨ થાય છે. જેથી એવું કહેવાય છે કે, કોઈપણ મંદિરના દર્શને જઈએ ત્યારે ધજાના દર્શન અવશ્યથી કરવા જોઈએ. ધજાના મનોરથથી ભક્તના મનમાં કાયમી અલૌકિક મીઠી યાદ રહે છે. ધજા માનવ જીવનને ધન્ય બનાવે છે.

મંદિર શા માટે ચપ્પલ બહાર ઉતારવા ? મંદિરમાં ઉઘાડા પગે પ્રવેશવું પડે છે, આ નિયમ વિશ્વના દરેક હિન્દુ મંદિરોમાં છે. તેની પાછળનું વૈજ્ઞાનિક કારણ એ છે કે મંદિરના નિર્માણનું પ્રાચીન કાળથી જ એવી રીતે કરવામાં આવ્યું છે કે તે વિદ્યુત અને ચુંબકીય તરંગોનો સૌથી મોટો સ્રોત છે. જ્યારે વ્યક્તિ આના પર ઉઘાડા પગે ચાલે છે, ત્યારે મહત્તમ ઉર્જા પગ દ્વારા શરીરમાં પ્રવેશે છે.

દીવો પ્રગડાવવાનું વૈજ્ઞાનિક કારણ આરતી પછી બધા લોકો તેમના હાથ દીવા અથવા કપૂર પર રાખે છે અને પછી તેને માથા પર લગાવે છે અને આંખોને સ્પર્શ કરે છે. આમ કરવાથી, હળવા ગરમ હાથથી દૃષ્ટિની ભાવના સક્રિય થાય છે અને વ્યક્તિને સારું લાગે છે.

મંદિરમાં ઘંટ વગાડવાનું કારણ જ્યારે પણ કોઈ વ્યક્તિ મંદિરમાં પ્રવેશ કરે છે ત્યારે દરવાજા પર ઘંટ વગાડવામાં આવે છે. મુખ્ય મંદિરમાં પ્રવેશ કરતી વખતે ઘંટ વગાડવો પડે છે (જયાં ભગવાનની મૂર્તિ પણ સ્થિત છે.) તેની પાછળનું કારણ એ છે કે તેમાંથી નીકળતો અવાજ સાત સેકન્ડ સુધી ગુંજતો રહે છે જે શરીરના સાત હીલિંગ કેન્દ્રોને સક્રિય અને કુંડલિનિ શક્તિ જાગૃત કરે છે.

મંદિરમાં ભગવાનની મૂર્તિ ગર્ભગૃહની મધ્યમાં મૂકવામાં આવે છે એવું માનવામાં આવે છે કે આ સ્થાન પર સૌથી વધુ ઉર્જા હોય છે. જ્યાં સકારાત્મક ઉર્જા શરીરમાં પહોંચે છે અને સકારાત્મક વિચાર સાથે ઉભા રહેવા પર નકારાત્મકતા દૂર ભાગી જાય છે.

પરિક્રમા કરવા પાછળનું વૈજ્ઞાનિક કારણ દરેક મુખ્ય મંદિરમાં દર્શન કર્યા પછી જ્યારે મંદિરમાં પરિક્રમા કરવામાં આવે છે ત્યારે તમામ સકારાત્મક ઉર્જા શરીરમાં પ્રવેશ કરે છે અને મનને શાંતિ મળે છે. પરિક્રમા સાથે જોડાયેલી ખાસ વાતો સૂર્ય દેવની સાત, ભગવાન ગણેશની ચાર, ભગવાન વિષ્ણુની ચાર અને તેમના તમામ અવતારની ચાર પરિક્રમા કરવી. દેવી દુર્ગાની ત્રણ, હનુમાનજી અને શિવની અડધી પરિક્રમાનો નિયમ છે. શિવની અડધી પરિક્રમા કરવામાં આવે છે, આ સંબંધમાં એવું માનવામાં આવે છે કે જળ ધારકને પાર ન કરવું જોઈએ.

**સંકલન – તંત્રી – શ્રી જગતભાઈ દવે**

**શ્રી અ.ભા.બા.ખે.હિ. સભા, અમદાવાદ**

# શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા–અમદાવાદ
# ૩૫માં રાષ્ટ્રીય અધિવેશન અમદાવાદના – કો–ઓર્ડીનેટરશ્રી



**શ્રી અમુલ બળવંતરાય ભટ્ટ**

| | | |
|---|---|---|
| નામ | : | શ્રી અમુલ બળવંતરાય ભટ્ટ |
| જન્મતારીખ | : | ૦૭–૦૫–૧૯૫૯ |
| જાતિ | : | હિન્દુ (બ્રાહ્મણ) |
| મૂળવતન | : | ઉમરેઠ, જિલ્લો–ખેડા, ગુજરાત રાજ્ય |
| સરનામું | : | ૩–એ, શ્રી લીલા સોસાયટી, જુના રેલ્વે ક્રોસિંગ પાસે, મણિનગર, અમદાવાદ–૩૮૦૦૦૮, ગુજરાત |
| મોબાઈલ | : | ૯૮૨૫૦૧૩૧૨૬ |
| ઈમેલ આઈડી | : | amulbhattbjp@gmail.com |
| શિક્ષણ | : | M.Sc. (ઔદ્યોગિક વિશ્લેષણાત્મક રસાયણશાસ્ત્ર), ગોલ્ડ મેડાલિસ્ટ – ગુજરાત યુનિવર્સિટી |

**વ્યવસાયિક કારકિર્દી**

– વર્ષ ૧૯૮૨ થી ૧૯૮૯ દરમિયાન સલહાદ્દીન ઓઈલ રિફાઈનરી ઈરાકમાં યુનિટ ઈજનેર તરીકે સેવા આપી

– હાલમાં કેમિકલ ટ્રેડિંગના વ્યવસાયમાં કાર્યરત

**રાજકીય કારકિર્દી**

– શિશુ સ્વયં સેવક

– કોલેજ કારકિર્દી દરમિયાન અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ સાથે વર્ષ ૧૯૭૬ થી ૧૯૮૧માં સેવા આપી

– વર્ષ ૧૯૮૭ થી ૧૯૮૯ દરમિયાન દિનદયાલ શોધ સંસ્થાન સાથે સેવા આપી

– ૧૯૮૯થી ભાજપના સક્રિય સભ્ય

– વર્ષ ૨૦૦૨ થી ૨૦૦૭ સુધી મણિનગર વિધાનસભા સચિવ તરીકે સેવા આપી

– વર્ષ ૨૦૦૯ થી ૨૦૧૨ સુધી ભાજપ વોર્ડ પ્રમુખ, મણિનગર તરીકે સેવા આપી

– વર્ષ ૨૦૧૨ થી ૨૦૧૫ સુધી ભાજપ શહેર મહામંત્રી, અમદાવાદ તરીકે સેવા આપી

– વર્ષ ૨૦૧૫માં મ્યુનિસિપલ કાઉન્સિલર તરીકે ચૂંટાયા–ભાજપ, મણિનગર વોર્ડ

- વર્ષ ૨૦૧૫ થી ૨૦૧૭ સુધી લીગલ કમિટીના ઉપાધ્યક્ષ
- વર્ષ ૨૦૧૭ થી ૨૦૨૦ દરમિયાન AMC–સ્થાયી સમિતિના અધ્યક્ષ તરીકે સેવા આપી
- વર્ષ ૨૦૧૭ – વિધાનસભાની ચૂંટણી દરમિયાન નડિયાદ વિધાનસભા પ્રભારી તરીકે સેવા આપી
- વર્ષ ૨૦૧૭ થી ૨૦૨૦ દરમિયાન ભાવનગર શહેરના સંગઠન પર્વ ઈન્ચાર્જ તરીકે પણ સેવા આપી
- વર્ષ ૨૦૧૭ થી ૨૦૨૦ દરમિયાન ગુજરાત રાજ્ય ભાજપના કાર્યાલય નિર્માણ પ્રકલ્પ ઈન્ચાર્જ તરીકે સેવા આપી
- હાલમાં શહેર કારાબોરી સભ્ય મણિનગર વોર્ડમાંથી
- હાલમાં મણિનગર વિધાનસભાના ધારાસભ્ય
- ગુજરાત સરકારની જાહેર હિસાબ સમિતિના સભ્ય

**NGO *વિગત***

- શ્રી બાજખેડાવાળ કેળવણીના ટ્રસ્ટી અને સંસ્કૃતિ મંડળ સંચાલિત દવે ફાઉન્ડેશન (વિદ્યાર્થીઓ માટે કાર્યરત)
- શ્રી બોચાસણવાસી અક્ષર પુરષોતમ સંસ્થા (BAPS) સાથે બાળપણથી સક્રિય રીતે જોડાયેલા

---

નામ : ચિ. દેવર્ષી નયેશકુમાર ભટ્ટ　　ઊંચાઈ : ૫'–૯''　　વજન : ७૯ કિલો

જન્મતારીખ : ૧૯–૧૨–૧૯૯૬　　જન્મસ્થળ : ઉમરેઠ　　જન્મસમય : ૦૪.૫૫ સવારે

અભ્યાસ : બી.ઈ. સિવીલ એન્જીનીયરીંગ

મૂળવતન : ઉમરેઠ　　વ્યવસાય : જોબ + ધંધો

માસિક આવક : –

ગોત્ર : લંકાનસ

રાશિ : મીન

નક્ષત્ર : રેવતી–૩

નાડી : અંત્ય


માતાનું નામ : જાગૃતિબેન એન. ભટ્ટ

ભાઈ/બહેન : ૧–બહેન–પરણિત

પિતાનું નામ : નયેશકુમાર ચુનીલાલ ભટ્ટ

સરનામું : ૧૦૨, સદ્ભાવ ફ્લેટ, ૩૪/૩, જયંત પાર્ક સોસાયટી, ભાડુઆતનગર, ઘોડાસર, મણીનગર, અમદાવાદ–૩૮૦૦૫૦

ફોન/મોબાઈલ : ૯૫૫૮૦૦૩૫૦૪, ૯૬૬૨૨૦૯૨૦



## શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા–અમદાવાદ

## વિશિષ્ટ સહાય ફંડ રૂ. ૨૫૦૦/–ના દાતા



**સ્વ. દર્શનાબેન શૈલેષકુમાર દવે**

જન્મ તા. ૦૯–૦૮–૧૯૫૮ અવસાન તા. ૧૮–૦૯–૨૦૨૪

સ્વ. દર્શનાબેન શૈલેષકુમાર દવેની સ્મૃતિરૂપે દવે પરિવાર તરફથી ભેટ.

શ્રદ્ધાજલી સહ વંદન

**શૈલેષકુમાર નટવરલાલ દવે**

**કેતનકુમાર નટવરલાલ દવે** **અ.સૌ. પીનાબેન કેતનકુમાર દવે**

**ચિ. પાર્થ કેતનકુમાર દવે**

## શ્રી ગુજરાતી બાજખેડાવાળ જ્ઞાતિ સમાજ

"ૐ નિકેતન", નં. ૩૨૬, (નવો નં. ૩૮૦), મિન્ટ સ્ટ્રીટ, ચૈન્નઈ-૬૦૦૦૦૩

સમાજના આશ્રયે બળેવ પર્વ પ્રસંગે રવિવાર તા. ૧૮-૮-૨૪ના રોજ સમાજના ભવનમાં સમસ્ત જ્ઞાતિજનો માટે પ્રીતિ-ભોજનનું આયોજન સફળતાપૂર્વક સંપન્ન થયેલ. નવસોથી વધુ જ્ઞાતિજનોએ ભોજન સમારંભમાં પધાર્યા હતા. સમાજની સર્વ સહયોગી સંસ્થાઓનો સુંદર સહકાર પ્રાપ્ત થયો હતો. ૧૯-૮ના રોજ જનોઈ બદલવાની પવિત્રવિધી ભવનમાં સમાજના શાસ્ત્રી નિરંજનભાઈ દ્વારા થઈ હતી.

તા. ૨૬-૮-૨૪ના શ્રી કૃષ્ણ જન્મોત્સવ ખૂબ જ ધૂમધામપૂર્વક યજમાનશ્રી ઈન્દીરાબેન ઠાકોરભાઈ દવે પરીવારે લાભ લીધો હતો. ખૂબ જ ઉત્સાહ અને ઉમંગપૂર્વક શ્રી વિશાલ દવે તેના સંગીતવૃંદ સાથે શ્રી કૃષ્ણના ભજન કીર્તન દ્વારા ઉપસ્થિત સૌ શ્રોતાઓને રસતરબોળ કર્યા હતા. ભવનનો હોલ ખીચોખીચ ભરાયેલો હતો. ભજનો બાદ રાસ-ગરબામાં સૌએ ભાગ લીધો હતો. આ કાર્યક્રમ બરોબર ૯.૦૦ થી ૧૧.૩૦ સુધી બાદ પૂજા-અર્ચના-બાદ બરોબર ૧૧.૫૫ના ભવનના પ્રવેશદ્વારથી નાના લલ્લાને શ્રી રાકેશ અને ડિમ્પલ દવેએ વાજતે ગાજતે ફૂલોના વરસાદથી માથે મૂકીને બરાબર રાત્રે ૧૨.૦૦ કલાકે સુસજ્જ પારણામાં પધરાવ્યા હતા. "નંદ ઘેર આનંદ ભયો જય કનૈયાલાલ કી"ના નારા સાથે હોલ ગૂંજી ઉઠ્યો હતો. તે પહેલા ભવનના બીજા માળે સૌ જ્ઞાતિજનો માટે ફરાળી મહાપ્રસાદીનું આયોજન યજમાન પરીવાર દ્વારા રાખવામાં આવેલ.

પવિત્ર શ્રાવણ માસમાં સમાજમાં સવાર-સાંજ શિવ-મહાપૂજાનું ખૂબ જ ભક્તિ ભાવપૂર્વક કરવામાં આવેલ. પુર્ણાહૂતિ તા. ૨-૯-૨૪ના સવારે શિવજીની પૂજા-અર્ચના-સ્થાપન-હવન આયોજીત હતુ અને સાંજે ૬.૧૫ કલાકે દ્વાદશ જ્યોતિર્લિંગ પાસે પ્રતિદિન ગવાતી દેવોની સ્તુતિઓ સમુહમાં પઠન બાદ મહાઆરતીમાં સૌ શિવભક્તોએ "મહાપ્રસાદી"ને ન્યાય આપ્યો હતો. ભવનને સિરીયલ લાઈટથી સજાવવામાં આવેલ. સમગ્ર આયોજનમાં સર્વશ્રી શૈલેષ ભટ્ટ, શૈલેષ ઠાકર, અમિત દવે, આદિત્ય તરવાડી, ઉપરાંત સમાજના હોદ્દેદારો તથા સમિતિના સભ્યો અને સમાજની સહયોગી સંસ્થાઓનો સહયોગ પ્રાપ્ત થયો હતો.

ધજા પધરામણીના કાર્યક્રમમાં સહર્ષ જણાવવાનું કે તા. ૨૯-૮-૨૪ના રોજ સવારે ૬.૩૦ થી રાત્રે ૧૦.૦૦ સુધી કુલ ૩૯ માઈભક્તોના નિવાસસ્થાને ધજા પધરામણી કરી ઐતિહાસિક કાર્ય કરવામાં આવેલ. જ્ઞાતિજનોએ ખૂબ જ પ્રશંસાઓ કરી સમાજના કાર્યકર્તાઓને અભિનંદન પાઠવ્યા હતા.

**બીજલ બી. ડોળીયા** — પ્રમુખ

**મનોજ વી. શુકલા / અમિત આઈ. પાઠક** — મંત્રીઓ

---

## શ્રી બાજખેડાવાળ મહિલા સમાજ, નડીયાદ

બાજખેડાવાળ હોલ, છાગેશ્વર મહાદેવ પાસે, સંતરામ મંદિર પાસે, નડીયાદ મો. ૯૪૦૮૫૦૧૩૯૦

શ્રી બાજખેડાવાળ મહિલા સમાજ નડીયાદ દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ સમુહ કેવડા ત્રીજ / સામા પાંચમની ઉજવણી તા. ૮-૯-૨૪ રવિવારના રોજ કરવામાં આવેલ. તેમાં ૨૦ ઉજવનાર + ૧૨૫ બહેનોએ ફરાળમાં ભાગ લીધો હતો. ગુરુદેવશ્રી સ્નેહલભાઈએ ગણપતિ

પુજાથી કાર્યક્રમની શરૂઆત કરી હતી. સામાપાંચમના આપણા યોગદાનના દાતાશ્રી જયશ્રીબેન એન. દવે છે. બાજખેડાવાળ મહિલા સમાજ તમામ દાતાઓનો ખૂબ ખૂબ આભારી છે.

આગામી કાર્યક્રમ જેવાં કે મહિલા સમાજ સ્થાપના દિન (દશેરા) તા. ૧૨-૧૦-૨૪ તથા સમુહ જનોઈનું પણ દર વર્ષે આયોજન કરે છે. તા. ૧-૩-૨૫ સાદા તથા માતાજી સાથેનો પ્રોગ્રામ હોય છે.

ભેટ - રૂ. ૧૦૦૦/- જયશ્રીબેન નરેન્દ્રભાઈ દવે, નડિયાદ, રૂ. ૫૦૦/- નંદીનીબેન રમેશભાઈ દવે, નડિયાદ

**ભાવના શુકલ**
**પ્રમુખ**

**નિકેતા દવે**
**મંત્રી**

## શ્રી બાજખેડાવાળ લઘુરૂદ્ર પ્રયોજક સમિતિ - ઉમરેઠ

પ્રમુખ - શ્રી ભીખુભાઈ એમ. જોષી (મો.) ૯૮૨૪૨૦૬૫૯૬, ઉમરેઠ

શ્રી બાજખેડાવાળ લઘુરૂદ્ર પ્રયોજક સમિતિ, ઉમરેઠ દ્વારા તા. ૧-૯-૨૪ને રવિવાર શ્રાવણ વદ-૧૪ના રોજ ૪૬મો હોમાત્મક સમુહ લઘુરૂદ્રનું આયોજન સંપન્ન કરેલ છે. જેમાં મુખ્ય યજમાન તરીકે શ્રી દીનેશભાઈ મણિશંકર શુકલ પરીવાર (લંડન) તથા સહયજમાન સહીત ૩૩ જોડાઓએ આ હોમાત્મક સમુહ લઘુરૂદ્રમાં લાભ લીધેલ. જેમાં મુખ્ય આચાર્ય તરીકે કર્મકાંડી શ્રી પ્રવિણચંદ્ર ઈન્દુપ્રસાદ દવે (ભગાભાઈ) તથા શ્રી ભીખુભાઈ એમ. જોષી દ્વારા સંપૂર્ણ વિધી વિધાન દ્વારા લઘુરૂદ્ર કરાવેલ હતો. જેમાં આ મંડળને બળ અને પ્રેરણા આપવા માટે નીચેના દાતાઓએ સહકાર આપેલ તે બદલ આ મંડળ સર્વે આ દાતાઓ તેમજ નાના મોટા દાતાઓનો આભાર માને છે. સ્વ. શીલાબેન અરૂણકુમાર ઠાકર તરફથી મહાદેવની મૂર્તિ, સ્વ. લવકુમાર અરૂણકુમાર ઠાકર તરફથી દરેક યજમાનને પાણીની બોટલ સ્વ. શ્રી અશ્વિનભાઈ બી. શેલત તરફથી ફુલહાર તથા શ્રી ભીખુભાઈ એમ. જોષી તરફથી પુંજાપો તથા શ્રી હર્ષાબેન કુમુદચંદ્ર શેલત તરફથી મહાપ્રસાદ આપેલ. જે આ સર્વે દાતાઓનો મંડળ આભાર માને છે. શ્રી મનોજભાઈ જે. શેલત તરફથી ફરાળ ચેવડો પેંડાના પેકેટ આપેલ.

વિશેષમાં જણાવવાનું કે શ્રી બાજખેડાવાળ લઘુરૂદ્ર પ્રયોજક સમિતિ દ્વારા તા. ૧૬-૦૨-૨૫નો મહા સુદ-૧૨ને રવિવારે સમુહ જનોઈનું આયોજન રાખેલ છે. જેમાં સાદા જનોઈના રૂ. ૧૦૦૦/- તથા માતા સાથેના જનોઈના રૂ. ૧૫૦૦/- રાખેલ છે. જે બાજખેડાવાળ જ્ઞાતિના બટુકોને જનોઈમાં બેસવું હોય તો નીચેના વ્યક્તિનો સંપર્ક સાધવા અથવા ફોન પર સંપર્ક કરવા વિનંતી છે.

(૧) શ્રી ભીખુભાઈ એમ. જોષી (મો.) ૯૮૨૪૨૦૬૫૯૬ (૨) શ્રી કુમુદભાઈ કે. પંડ્યા (મો.) ૬૩૫૧૫૨૪૦૬૭ (૩) શ્રી કલ્પેશભાઈ એચ. જોષી (મો.) ૭૮૭૪૩૭૧૨૩૭ આ અંગેના ફોર્મ જે તે ગામના મંડળના પ્રમુખશ્રીને મોકલી આપવામાં આવશે. તો તેઓનો સંપર્ક સાધી ફોર્મ ભરી નીચે જણાવેલ સરનામે મોકલી આપવા વિનંતી છે. આ લઘુરૂદ્રમાં બાજખેડાવાળ જ્ઞાતિના મોટા વડીલોએ સહકાર આપેલ દલ આ મંડળ આભાર માને છે.

**ભીખુભાઈ એમ. જોષી-પ્રમુખ**

## વડોદરા બાજખેડાવાળ સમાજ

એ–૨૦૪, મનુભાઈ ટાવર, સયાજીગંજ, વડોદરા–૩૯૦૦૦૧ (મો.) ૯૬૮૭૬૬૮૬૫૩

### ઈનામ વિતરણ

વડોદરા બાજખેડાવાળ સમાજ તરફથી સમાજના આજીવન સભ્યોના બાળકો કે જે વર્ષ ૨૦૨૩–૨૪માં ઉત્તીર્ણ થયા હતા. તેઓને મેરીટ ક્રમેક ૧ થી ૫ મુજબ ધોરણ ૧ થી ધોરણ ૧૨ તથા કોલેજમાં અભ્યાસ કરતા તથા ગ્રેજ્યુએટ થયેલ વિદ્યાર્થીઓને ઈનામ/શિષ્યવૃતિ આપી આવા ૮૫ વિદ્યાર્થીઓને સન્માનિત કરવામાં આવ્યા. ઉપરાંત શ્રીમતિ રેખાબેન અનિલકુમાર પંડ્યા ધોરણ ૮ થી ૧૨ના ૨૦ વિદ્યાર્થીઓને ઈનામ આપવામાં આવ્યા. શ્રીમતિ શિલ્પાબેન શેલત તથા કારોબારી સમિતિના સભ્યો હાજર રહી કાર્યક્રમ સુંદર રીતે આયોજીત કર્યો.

### શ્રાવણી–૨૦૨૪

વડોદરા બાજખેડાવાળ સમાજ તરફથી "શ્રાવણી–૨૦૨૪" જનોઈ બદલવાના કાર્યક્રમનું આયોજન તા. ૧૯–૦૮–૨૦૨૪ના રોજ "મહારૂદ્ર હનુમાન સંસ્થાન–વાડી" ખાતે કરવામાં આવ્યું. સમાજના ૪૮ ભૂદેવોએ સમૂહમાં નૂતન યજ્ઞોપવિત ધારણ કરી શ્રી કિશોરભાઈ દવે તથા શ્રી નિલયભાઈ ડી. દવેએ ગુરુપદ શોભાવ્યું. તમામ ભૂદેવોને સમાજ તરફથી "આરતીનો દીવો" ભેટરૂપે આપવામાં આવ્યો. ત્યારબાદ ૧૦૦ જ્ઞાતિબંધુઓએ "બ્રહ્મભોજન" લીધું આ સમગ્ર કાર્યક્રમ નિમણૂંક રાખવામાં આવેલ હતો જે સમાજના દાતાશ્રીઓના સહયોગને કારણે સફળ થયો.

શ્રાવણી કાર્યક્રમના દાતાશ્રીઓની યાદી નીચે મુજબ છે

(૧) શ્રી રઘુવીર જયશંકર દવે તરફથી મળેલ શ્રાવણી ફંડમાંથી રૂ. ૧૩૦૦૦/– (૨) સ્વ. કુમુદબેન હરિવદન જોષીના સ્મરણાર્થે શ્રી જયેશભાઈ હરીવદન જોશી તથા શ્રી ભરતભાઈ હરિવદન જોષી તરફથી રૂ. ૧૦૦૦૦/– (૩) શ્રી હરીશભાઈ નટવરલાલ પંડ્યા તરફથી રૂ. ૩૦૦૦/– (૪) સ્વ. જનકરાય ચીનુભાઈ દવેના સ્મરણાર્થે ગં.સ્વ. નયનબાલા જનકરાય દવે તરફથી રૂ. ૨૫૦૧/– (૫) શ્રી મુકુંદભાઈ જયશંકર દવે તરફથી રૂ. ૫૦૦૦/– (૬) સ્વ. સવિતાબેન બાપાલાલ પંડ્યાના સ્મરણાર્થે શ્રી પ્રકાશકુમાર બાપાલાલ પંડ્યા તરફથી રૂ. ૨૫૦૧/– (૭) શ્રી બિપીનચંદ્ર સી. જોશી તરફથી રૂ. ૨૦૦૦/– (૮) શ્રી નરેન્દ્રકુમાર શંકરલાલ પંડ્યા તરફથી રૂ. ૧૧૦૧/– (૯) સ્વ. સવિતાબેન બાપાલાલ પંડ્યાના સ્મરણાર્થે શ્રી પરેશકુમાર બાપાલાલ પંડ્યા તરફથી રૂ. ૧૦૦૧/– (૧૦) શ્રી મહેશકુમાર અંબાલાલ ખંભોળજા તરફથી રૂ. ૧૫૦૦/– (૧૧) શ્રી દિલીપકુમાર શિવપ્રસાદ ઢગટ તરફથી રૂ. ૧૧૧૧/– (૧૨) શ્રી કૌશિકભાઈ દશરથલાલ ભટ્ટ તરફથી રૂ. ૧૦૦૦/– (૧૩) શ્રી રૂપલભાઈ દવે તરફથી રૂ. ૫૦૧/– (૧૪) શ્રી વિષ્ણુપ્રસાદ ઘનશ્યામપ્રસાદ ભટ્ટ તરફથી રૂ. ૫૦૦/– (૧૫) શ્રી કૌશિકભાઈ શુકલ તરફથી રૂ. ૫૦૦/– (૧૬) શ્રી ઈન્દ્રવદનભાઈ મહેતા તરફથી રૂ. ૫૦૦/– (૧૭) શ્રી અનિલકુમાર એસ. દવે તરફથી રૂ. ૫૦૦/– (૧૮) શ્રી નરેન્દ્રકુમાર મગનલાલ પંડ્યા તરફથી

રૂ. ૫૦૦/- (૧૯) શ્રી કૌશિકકુમાર ચુનીલાલ પંડ્યા તરફથી રૂ. ૫૦૦/- (૨૦) શ્રી મનિષભાઈ એ. દવે રૂ. ૫૦૦/- (૨૧) શ્રી નિલયભાઈ કે. દવે તરફથી રૂ. ૫૦૧/- (૨૨) શ્રી ભાસ્કરભાઈ રામચંદ્ર શેલત તરફથી રૂ. ૫૦૧/- (૨૩) શ્રીમતિ બકુલાબેન યદુરાય ઢગટ તરફથી રૂ. ૧૧૦૧/- (૨૪) શ્રી ચિતરંજન પ્રાણશંકર દવે તરફથી રૂ. ૫૦૦/- (૨૫) શ્રીમતિ હંસાબેન દિપકકુમાર ભટ્ટ તરફથી રૂ. ૫૦૦/- (૨૬) શ્રી ધ્રુવકાન્ત વાસુદેવ શેલત તરફથી રૂ. ૧૦૦૦/- (૨૭) શ્રી સુરેન્દ્રભાઈ ચુનીલાલ જોશી તરફથી રૂ. ૨૦૦૦/- વડોદરા બાજખેડાવાળ સમાજની કારોબારી ઉપરોક્ત સર્વે દાતાશ્રીઓનો આભાર માને છે. જય મહાદેવ

**ભૂપેન્દ્રભાઈ જે. શેલત** — **મંત્રી**

**બંદિશભાઈ એ. દવે** — **પ્રમુખ**

**તથા સમસ્ત કારોબારી સમિતિ**

---

## શ્રી બાજખેડાવાળ મહિલા મંડળ, સુરત

સૈયદપુરા, ચોકી શેરી, સુરત

તા. ૨૭-૦૯-૨૦૨૪નાં રોજ શુક્રવારે ચોપાટી અઠવા લાઈન્સ ખાતે શ્રી બાજખેડાવાળ મહિલા મંડળ, સુરતની મિટીંગ બપોરે ૪.૩૦ કલાકે રાખવામાં આવેલી હતી.

સર્વપ્રથમ તો આ કલબ જેમણે ચાલુ કરાવી અને ૩૬ વર્ષ સુધી આ કલબ માટે પોતે બહુ જ મોટો ફાળો આપ્યો તેવા અવિરત પ્રમુખ સ્વ. શ્રી તિલોત્તમાબેન દવેની તે દિવસે જન્મતારીખ હતી અને મહિલા મંડળના દરેક મેમ્બરના હૃદયમાં તેમની યાદો હજી પણ વણાયેલી છે. તેઓને ભૂલવા અશક્ય છે. જેથી આજ દિવસે તેમના મોટા પુત્રવધુ હાલ મહિલા મંડળના પ્રમુખ કેતકીબેન દવેએ મીટીંગ રાખી હતી.

સર્વ પ્રથમ સર્વે બહેનોએ કેતકીબેન દવે સાથે સુંદર પ્રાર્થના કરતા વાતાવરણને ભક્તિમય બનાવ્યુ હતુ. ત્યારબાદ સ્વ. પ્રજ્ઞાબેન નિરંજનભાઈ ભટ્ટ અને ડૉ. અશ્વિનભાઈ જયંતીલાલ જોષી આ બંને વડીલોની આત્માને પ્રભુ શાંતિ અર્પે, તેમના માટે બે મિનિટનું મૌન પાળ્યુ હતું. ત્યારબાદ બધા જ બહેનોએ નવરાત્રી અને ગરબા વિશે ચર્ચાઓ કરી. સુંદર વરસાદનું વાતવરણ હતું. ઠંડો ઠંડો પવન હતો અને ઝરમર ઝરમર વરસાદ વચ્ચે સુંદર સ્વાદિષ્ટ મૈસુર મસાલા ઢોંસા અને પુલાવ ગરમા ગરમ બધાએ આરોગ્યા અને ખુબ જ મજા કરી અને બાદ ગળ્યાંમાં માવા મલાઈ કુલ્ફીની લહેજત સર્વેએ માણી હતી. તિલોત્તમાબેનને બધાએ યાદ કરીને સાથે હેપ્પી બર્થ ડે કર્યું હતું.

ત્યારબાદ ક્રિષ્ણાબેન ત્રિવેદીએ આભાર વિધી કરી હતી અને કેતકીબેનનો આભાર માન્યો હતો અને સૌ બહેનોએ વિદાય લીધી હતી.

**કેતકીબેન દવે**

**પ્રમુખ**

# ધી અમદાવાદ બાજખેડાવાળ એજ્યુકેશન એન્ડ કલ્ચરલ સોસાયટી

શ્રી પ્રાણશંકરભાઈ હોલ, પ્રાણકુંજ સોસાયટી, ભૈરવનાથ રોડ, અમદાવાદ. ફોન - ૨૫૪૩૨૦૪૦

**થયેલ કાર્યક્રમ**

મંડળ દ્વારા તા. ૬-૧૦-૨૪ને રવિવાર ચોથનાં નોરતે ગરબાનું સુંદર આયોજન શ્રી બળવંતરાય હોલ, કાંકરીયા ખાતે યોજાએલ જેમાં અંદાજિત ૫૫૦ જ્ઞાતિજનોએ ઉત્સાહભેર ભાગ લીધેલ જેમાં સંસ્થા દ્વારા સુંદર અલ્પાહાર તેમજ ચ્હા-કોફીનું આયોજન કરેલ જેમાં જ્ઞાતિજનોએ ઉત્સાહપૂર્વક આનંદ માણેલ હતો. આ પ્રસંગે જ્ઞાતિજનો તરફથી મંડળને ભેટ મળેલ જેમાં (૧) રૂ. ૨૫૦૦/- શૈલેષભાઈ નટરવરલાલ જોષી (૨) રૂ. ૫૦૦/- શ્રી બાજખેડાવાળ મહિલા મંડળ (3) રૂ. ૫૦૦/- શ્રી બાજખેડાવાળ મહિલ સમાજ (૪) રૂ. ૫૦૦/- જગદીશભાઈ દવે

આ પ્રસંગે જુદા જુદા ગ્રુપોમાં રોકડ ઈનામો રૂ. ૧૨,૫૦૦/-નાં સંસ્થા દ્વારા આપવામાં આવેલ તેમજ એક ગ્રુપમાં આપણા જ્ઞાતિજન શ્રી આશિષભાઈ ભટ્ટ દ્વારા ઈનામ આપેલ જેની રકમ રૂ. ૨૦૦૦/- તથા મંડળના કારોબારી સભ્ય શ્રી હેતલભાઈ ભાસ્કરભાઈ ભટ્ટ દ્વારા માતાજીનો પ્રસાદ તથા બે ગ્રુપમાં આશ્વાસન ઈનામો (બટવા) આપવામાં આવેલ. સંસ્થા તેઓનો ખૂબ ખૂબ આભાર માને છે. સૌએ આનંદ કરી રાત્રીના ૧.૦૦ કલાકે છૂટા પડેલ છે.

તા. ૧૩-૧૦-૨૦૨૪ને રવિવારના રોજ નર્સરીથી લઈ કોલેજ સુધીના અભ્યાસ કરતા જ્ઞાતિજનોના બાળકોને ઈનામ વિતરણનો કાર્યક્રમ યોજેલ જેમાં સંસ્થા તરફથી રૂ. ૭૦,૦૦૦/-ના ઈનામ તરીકે રોકડ રકમ આપેલ આ સાથે બાળકોના ઉત્સાહ અંગે ધો. ૧ થી ૭માં પ્રથમ, દ્વિતીય, તૃતિય આવેલ તેઓને સુંદર કેપ (ટોપી) તેમજ ધોરણ ૭ થી ૧૨ માં અભ્યાસ કરતાં જેમાં પ્રથમ-દ્વિતીય, તૃતિય આવેલ બાળકોને ૫ નંગ બોલપેનનો સેટ ભેટ તરીકે જ્ઞાતિજન શ્રી બિપીનભાઈ જોષી (સી. સોમાભાઈ ચ્હાના ડિસ્ટ્રીબ્યુટર) તરફથી પ્રાપ્ત થયેલ. તેઓનો સંસ્થા ખૂબ ખૂબ આભાર માને છે. ઈનામ વિતરણ કાર્યક્રમમાં જ્ઞાતિના ૨૫૦ થી ૩૦૦ બાળકો તથા વાલીઓ પધારેલ હતા.

**આગામી કાર્યક્રમ**

તા. ૧૭-૧૧-૨૦૨૪ને રવિવારના રોજ સંસ્થા દ્વારા નવા વર્ષ નિમિત્તે સ્નેહમિલન કાર્યક્રમ યોજાનાર છે. જેમાં વિવિધ ૨૦ વાનગી સાથે શિયાળાની શરૂઆતનું સુંદર કાઠીયાવાડી ભોજન રાખેલ છે. જેના પાસની કિંમત રૂ. ૧૫૦/- પ્રતિ વ્યક્તિ છે. તો વહેલા તે પહેલાના ધોરણે આપના પાસ કાર્યાલયમાંથી સવારે ૧૦.૦૦ થી સાંજે ૫.૩૦ સુધીમાં મેળવી લેવા વિનંતી.

**અન્નપૂર્ણા સહાય યોજના**

(૧) રૂ.૩૧૦૦/- શ્રી એમ. ડી. ભટ્ટ (૨) રૂ. ૧૦૦૦૦/- શ્રી કિશન દર્શન ઠાકર (3) રૂ. ૫૦૦/- શ્રી સ્વ. હરીવદનભાઈ ત્રિવેદીના સ્મરણાર્થે હસ્તે શ્રી મૃદુલાબેન હરિવદનભાઈ ત્રિવેદી

**દિવાળી મીઠાઈ ભેટ**

રૂ. ૨૦૦૦/- શ્રી મયુર ભદ્રેશકુમાર ભટ્ટ, રૂ. ૨૦૦૦/- શ્રી હરીશકુમાર સી. જોષી

**કમલેશ જે. ભટ્ટ** — **પ્રમુખ**

**ઉદયભાઈ એચ. ભટ્ટ / રાજેષભાઈ બી. ત્રિવેદી** — **મંત્રી**

## શ્રી બાજખેડાવાળ બ્રાહ્મણ સમાજ – અમદાવાદ

શ્રી બાજખેડાવાળ બ્રાહ્મણ સમાજ તરફથી સર્વે જ્ઞાતિજનોને શુભ દિપાવલી અને નૂતન વર્ષાભિનંદનની ખૂબ ખૂબ શુભ કામનાઓ.

દિવાળી અને નવા વર્ષમાં નીચે મુજબના કાર્યક્રમનું આયોજન નક્કી કરેલ છે. જેમાં આપ સૌ જ્ઞાતિજનો વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહી ઉત્સાહભેર ભાગ લેશો તેવી આશા છે.

**સ્નેહમિલન અને હાઉસી (હાઉસીના ૨ રાઉન્ડ અને સાંજનું ભોજન)**

તારીખ : ૦૯-૧૧-૨૦૨૪, શનિવાર, સમય : સાંજે ૬.૦૦ થી ૮.૦૦ હાઉસી, સાંજે ૮.૦૦ થી ૧૦.૦૦ ભોજન સ્થળ : શ્યામપ્રસાદ વસાવડા હોલ, ફીઝીકલ ગ્રાઉન્ડ પાસે, રૂક્ષ્મણીબેનના દવાખાના બાજુમાં, ખોખરા, મણીનગર-પૂર્વ, અમદાવાદ

હાઉસીના પાસ મેળવવાનું સ્થળ : આ કાર્યક્રમના પાસ રૂા. ૧૫૦/- ભોજન સાથે રાખેલ છે. હાઉસીના બંને રાઉન્ડમાં આકર્ષક ઈનામો રાખેલ છે. તો વહેલા તે પહેલાના ધોરણે આપના પાસ મેળવી લેવા વિનંતી. પાસ મેળવવા માટે નીચેના આપેલ વ્યક્તિ અને સ્થળનો સંપર્ક કરવો.

સ્નેહલ ભટ્ટ – (મો.) ૯૮૨૪૦૭૭૮૮૧, કિરીટ દવે – (મો.) ૯૮૭૯૭૫૨૮૦૫ નિલેશ ઠાકર – (મો.) ૯૩૨૭૦૨૧૭૭૨, ભાવેશ પંડ્યા – (મો.) ૯૯૭૪૧૨૭૮૧૦, પ્રાણશંકરભાઈ હોલ – ૦૭૯-૨૫૪૩૨૦૪૦

**શ્રી સ્નેહલભાઈ ભટ્ટ – પ્રમુખ          શ્રી કિરીટભાઈ દવે – મંત્રી**

**સમગ્ર ટ્રસ્ટીશ્રીઓ, હોદ્દેદારશ્રીઓ, સલાહકારશ્રીઓ તથા કારોબારી સભ્યશ્રીઓ**

## શ્રી બાજખેડાવાળ મહિલા સમાજ, નડિયાદ


બાજખેડાવાળ હોલ, શ્રી છાંગેશ્વર મહાદેવ પાસે, નડિયાદ. (મો.) ૯૪૦૮૫૦૧૩૯૦

બાજખેડાવાળ મહિલા સમાજ, નડિયાદ દ્વારા દર વર્ષે (દશેરા)ના બાજખેડાવાળ મહિલા સમાજનો સ્થાપના દિવસ તા. ૧૨-૧૦-૨૪ના રોજ ઉજવાય રહ્યો છે. આજ તા. ૧૨-૧૦-૮૬માં મહિલા સમાજની સ્થાપના કરી હતી. સ્વ. ગાયત્રીબેન ભટ્ટ તથા તમામ કારોબારી બહેનોએ મહિલા સમાજનો પાયો નાખ્યો હતો. આજે તા. ૧૨-૧૦-૨૪ (૩૮) વર્ષ પૂર્ણ કર્યા તેના વડલા નીચે આ સંસ્થા આગળ ધપી રહી છે અને આગળ આમ જ પ્રગતિ કરે. સ્વ. અ.સૌ. વિદ્યાબેન કાંતિલાલ કોટડીયાના ફંડમાંથી ઈનામો આપવામાં આવે છે તથા સ્વ. ડૉ. હંસાબેન, સ્વ. સુમનબેન, હર્ષાબેન, નલિનકાકા તથા ગં.સ્વ. ભાવનાબેન ઠાકર આ તમામ દાતાઓના ફંડમાંથી ગરબાની ફરતી લ્હાણી આપવામાં આવે છે. સમુહ જનોઈ તા. ૧-૩-૨૫ રાખેલ છે. ગરબામાં વેલડ્રેસ તથા વેલએક્શન એમ પ્રથમ ત્રણ નંબર આપવામાં આવે છે. તા. ૧૧-૧૨-૨૪ બુધવાર અગિયાર ઉજવણી રાખેલ છે. ભેટ રૂ. ૫૦૦૦/- જયંતભાઈ કે. કોટડીયા પરિવાર તરફથી, રૂ. ૧૦૦૦/- સ્વ. અ.સૌ. આનંદગૌરી એચ. મહેતા હસ્તે દિનેશભાઈ, હિતેશભાઈ, રૂ. ૫૦૦/- બાજખેડાવાળ વયસ્ક મંડળ, રૂ. ૫૦૦/- સ્વ. સુવર્ણાબેન એન. જોષી હસ્તે દિનેશ જોષી (બાજખેડાવાળ સમાજના મંત્રી), ફુલહારની ભેટ અસ્મિતાબેન આર. દવે, પેંડાની પ્રસાદી અંજનાબેન જે. દવે પરિવાર તરફથી તથા આ પ્રોગ્રામમાં સચોટ નિર્ણય માટે નિર્ણાયક મેઘના અને પિન્કુ તથા સારા વ્યકતવ્ય માટે આપણી જ બાળા રિદ્ધિ પી. દવે તથા જીત તુષાર શુક્લએ સારું વ્યક્તવ્ય આપ્યું. દર વર્ષની જેમ ગરમા ગરમ નાસ્તાની લિજ્જત તથા ગરબે ફરતી લ્હાણી લઈ સૌ છુટા પડ્યા.


ગરબામાં આ મુજબના ગ્રુપની ઉંમરના ઈનામો આપવામાં આવેલ ૫ થી ૧૨ વર્ષ, ૧૩ થી ૨૫ વર્ષ, ૨૬ થી ૪૦ વર્ષ, ૪૧ થી ૫૫ વર્ષ, ૫૫ થી ઉપરના ગ્રુપમાં વેલ એક્શન અને વેલ ડ્રેસ માટે પ્રથમ, દ્વિતીય અને તૃતીય ઈનામો તેમજ સ્પેશિયલ ઈનામ પણ આપવામાં આવેલ.

**ભાવનાબેન શુકલ          નિકેતા દવે**
**પ્રમુખ          મંત્રી**


| | | |
|---|---|---|
| Name | : | Ku. Dharini Sanatkumar Dave |
| Height | : | 5‘-4’’ |
| Weight | : | 55 Kg. |
| Birth Date | : | 30-10-1992 |
| Birth Time | : | 00.01 a.m. |
| Birth Place | : | Ahmedabad |
| Education | : | MBA (Finance) |
| Profession | : | Working As Senior Manager in Axis Bank |
| Yearly Income | : | Rs. 11,00,000/- + Incentive |
| Native Place | : | Sojitra |
| Mother Name | : | Bhavna Sanatkumar Dave |
| Borther/Sisters | : | 1-Brother-Unmarried |
| Maternal Place | : | Premilaben Amrutlal Doliya<br>Sojitra (M) 7698581064 |
| Father | : | Sanatkumar Jashvantray Dave |
| Address | : | F-501, Arjun Homes, Nr. Menarav Hall, Neelkanth Mahadev Road, Naranpura, Ahmedabad |
| Phone No. | : | 7016534244 |
| Mobile No. | : | 9727757015, 9428106501 |
| E-mail | : | sanatdave14@gmail.com |
| Contact | : | As Above |
| Address | : | As Above |
| Phone | : | As Above |
| Choice | : | Well Educated |
| Note | : | Mangal Che |
| Gotra | : | Paunas |
| Nakshatra | : | Mul |
| Rashi | : | Dhan |
| Nadi | : | Aadhya |
| Gan | : | Rakshas |
| Varna | : | Kshatriya |
| Yoni | : | Swan |
| Varg | : | Mrug |




નામ : ચિ. નિહાર વિનય જોષી ઊંચાઈ : ૬'-૦૦'' વજન : ૭૩ કિલો
જન્મતારીખ : ૦૪-૦૮-૧૯૯૮ જન્મસ્થળ : અમદાવાદ જન્મસમય : ૦૫.૪૩ સવારે
અભ્યાસ : બી.એસ.સી. ઈન હોટલ એન્ડ ટુરીઝમ મેનેજમેન્ટ
મૂળવતન : આણંદ વ્યવસાય : નોકરી
માસિક આવક : –
ગોત્ર : પૌનસ
રાશિ : વૃશ્ચિક
નક્ષત્ર : જેષ્ઠા
નાડી : આદ્ય
માતાનું નામ : હેતલ વિનય જોષી
ભાઈ/બહેન : ૧-ભાઈ-અપરણિત
પિતાનું નામ : વિનય ભૂપેન્દ્રભાઈ જોષી
સરનામું : એસ-૩, મુક્તાનંદ એપાર્ટમેન્ટ, ૭૪/૧૦, જગાભાઈ પાર્ક, રામબાગ, મણીનગર, અમદાવાદ-૩૮૦૦૦૮
ફોન/મોબાઈલ : ૯૪૨૬૭૦૩૨૬૯, ૯૪૨૭૩૧૧૧૦૨




નામ : ચિ. માલવ મનોજકુમાર દવે ઊંચાઈ : ૫'-૯'' વજન : ૮૦ કિલો
જન્મતારીખ : ૨૦-૧૨-૧૯૯૭ જન્મસ્થળ : વડોદરા જન્મસમય : ૧૦.૫૬ રાત્રે
અભ્યાસ : આઈ.ટી. સીસ્ટમ, એડમીનીસ્ટ્રેશન ડીપ્લોમાં
મૂળવતન : ઉમરેઠ વ્યવસાય : નોકરી
માસિક આવક : –
ગોત્ર : વચ્છસ
રાશિ : સિંહ
નક્ષત્ર : પૂર્વા ફાલ્ગુની
નાડી : મધ્ય
માતાનું નામ : છાયાબેન એમ. દવે
ભાઈ/બહેન : ૧-બહેન-પરણિત
પિતાનું નામ : મનોજકુમાર સુરેશચંદ્ર દવે
સરનામું : ડી-૧૬, ન્યુ નારાયણનગર સોસાયટી, સંત કબીર સ્કુલ પાછળ, વાસણા રોડ, વડોદરા
ફોન/મોબાઈલ : ૯૬૬૨૩૩૨૩૩૦, ૯૮૯૮૭૬૪૨૯૯
નોંધ : ન્યુઝીલેન્ડ પી.આર. (ડીસેમ્બરમાં ઈન્ડિયા આવે છે.)




| | | |
|---|---|---|
| Name | : | Chi. Vrajesh Sanatkumar Dave |
| Height | : | 5‘-10’’ |
| Weight | : | 54 Kg. |
| Birth Date | : | 29-08-1994 |
| Birth Time | : | 18.57 |
| Birth Place | : | Sojitra |
| Education | : | Chartered Accountant (CA) |
| Profession | : | Workig As Senior Manager Kotak Mahindra Bank, Ahmedabad |
| Yearly Income | : | Rs. 12,50,000/- |
| Native Place | : | Sojitra |
| Mother Name | : | Bhavna Sanatkumar Dave |
| Borther/Sisters | : | 1-Sister-Unmarried |
| Maternal Place | : | Premilaben Amrutlal Dolia - Sojitra |
| Father | : | Sanatkumar Jashvantray Dave |
| Address | : | F-501, Arjun Homes, Nr. Menarav Hall, Neelkanth Mahadev Road, Naranpura, Ahmedabad |
| Phone No. | : | 7016534244 |
| Mobile No. | : | 9727757015, 9428106501 |
| E-mail | : | sanatdave14@gmail.com |
| Contact | : | As Above |
| Address | : | As Above |
| Phone | : | As Above |
| Choice | : | - |
| Note | : | - |
| Gotra | : | Paunas |
| Nakshatra | : | Rohini |
| Rashi | : | Vrushabh |
| Nadi | : | Antya |
| Gan | : | Manushya |
| Varna | : | Vaishya |
| Yoni | : | Sarp |
| Varg | : | Mrug |




| | | |
|---|---|---|
| નામ | : | ચિ. સર્વાંગ પરેશ દવે |
| ઊંચાઈ | : | ૫'–૧૧'' |
| વજન | : | ૮૦ કિલો |
| જન્મ તારીખ | : | ૦૧–૦૪–૨૦૦૦ |
| જન્મ સમય | : | ૧૦.૨૧ રાત્રે |
| જન્મ સ્થળ | : | અમદાવાદ |
| અભ્યાસ | : | B.Tech. (CSE) Masters in App. Comp. Sci. - Dalhousie University, Canada |
| વ્યવસાય | : | નોકરી |
| માસિક આવક | : | – |
| મૂળ વતન | : | ઉમરેઠ |
| માતાનું નામ | : | દિપલ પરેશ દવે |
| ભાઈ/બહેન | : | – |
| મોસાળ | : | સ્વ. અરવિંદ જેશંકર ભટ્ટ |
| પિતા | : | પરેશ સુરેશચંદ્ર દવે |
| સરનામું | : | ડી–૨૧૦, ગુજરાત હાઈ કોર્ટ એમ્પ્લોઈ સોસાયટી, વસંતનગર ટાઉનશીપ, ગોતા–ઓગણજ રોડ, ગોતા, અમદાવાદ |
| ફોન નં. | : | – |
| મોબાઈલ નં. | : | ૯૪૨૭૦૨૦૧૭૪ |
| ઈ–મેઈલ | : | daveparesh70@yahoo.com, dipal70@gmail.com |
| સંપર્ક | : | પરેશ એસ. દવે, દિપલ પી. દવે |
| સરનામું | : | ઉપર મુજબ |
| ફોન નંબર | : | ઉપર મુજબ |
| પસંદગી | : | ઉપર મુજબ |
| નોંધ | : | ઉપર મુજબ |


| | | |
|---|---|---|
| ગોત્ર | : | કૌશિક |
| નક્ષત્ર | : | શતભિષા |
| રાશિ | : | કુંભ |
| નાડી | : | આદ્ય |
| ગણ | : | રાક્ષસ |
| વર્ણ | : | શુદ્ર |
| યોનિ | : | અશ્વ |
| વર્ગ | : | મેષ |



| | |
|---|---|
| Name | : Chi. Jigar Hemantkumar Dave |
| Height | : 5‘-8’’ |
| Weight | : 60 Kg. |
| Birth Date | : 31-03-2000 |
| Birth Time | : 11.44 a.m. |
| Birth Place | : Anand |
| Education | : B.Com., C.A. (Inter-1), CPA & FP (Cananda) |
| Profession | : Job |
| Monthly Income | : - |
| Native Place | : Umreth |
| Mother Name | : Khyati (Jagruti) Hemant Dave |
| Borther/Sisters | : - |
| Maternal Place | : Late. Hemchandra Umiyashankar Pandya Sahil, Nr. Bhaikaka Statue, V.V. Nagar |
| Father | : Hemant Bhagvatprasad Dave |
| Address | : ‘Krupa’, Parsi ni Chali, Near Church, Kabir Chowk Road, Sabarmati, Ahmedabad-380005 |
| Mobile No. | : 9173643499, 9173643411 |
| E-mail | : davehemantb@gmail.com |
| Contact | : As Above |
| Address | : As Above |
| Phone | : As Above |
| Choice | : Well Educated & Family Oriented |
| Note | : Canada-Work Permit |
| Gotra | : Paunas |
| Nakshatra | : Shravan |
| Rashi | : Makar |
| Nadi | : Antya |
| Gan | : Dev |
| Varna | : Vaishya |
| Yoni | : Vanar |
| Varg | : Marjar |



| | | |
|---|---|---|
| Name | : | Dr. Harsh Dave |
| Height | : | 5‘-8’’ |
| Weight | : | 87 Kg. |
| Birth Date | : | 01-12-1996 |
| Birth Time | : | 06.40 a.m. |
| Birth Place | : | Anand |
| Education | : | M.B.B.S. (Gujarat, India),<br>MPH (Boston, USA, Ongoing) |
| Profession | : | - |
| Monthly Income | : | - |
| Native Place | : | - |
| Mother Name | : | Alka Dave |
| Borther/Sisters | : | 1-Sister-Unmarried |
| Maternal Place | : | Pravinkumar Chimanlal Dave (Nana),<br>Jayesh Dave (Mama),<br>Dave Marble and Stone / Divya Traders, Anand |
| Father | : | Dr. Sanjay Dave |
| Address | : | - |
| Phone No. | : | +18574683700 (USA), +13399991657 (USA) |
| Mobile No. | : | +91-9825768536 (India) |
| E-mail | : | skdave24@gmail.com |
| Choice | : | U.S. Citizen / Green Card |
| Note | : | - |
| Gotra | : | Gautam |
| Nakshatra | : | Ashlesha |
| Rashi | : | Kark |
| Nadi | : | Antya |
| Gan | : | - |
| Varna | : | - |
| Yoni | : | - |
| Varg | : | - |



## શૈક્ષણિક સમાચાર

– ઉમરેઠના વતની અને હાલ સુરત નિવાસી મેહુલકુમાર અરવિંદભાઈ જોશીના સુપુત્ર ચિ. વ્રજ સી.બી.એસ.ઈ. ધો.૧૦ની પરીક્ષામાં ૯૬.૨% સાથે ઉત્તિર્ણ થઈને કુટુંબ તથા જ્ઞાતિનું ગૌરવ વધારેલ છે. અભિનંદન આ નિમિત્તે તેમના તરફથી સંસ્થાને રૂ. ૨૫૧/– શુભેચ્છા ભેટ મળેલ છે.

## ભેટ

– શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભાના કારોબારી સભ્ય અને મણિનગર રેલ્વે પેસેન્જર એસોસીએશનના પ્રમુખ દિલીપભાઈ પંડ્યાની વેસ્ટર્ન રેલ્વે, અમદાવાદ વિભાગ દ્વારા ડી.આર.યુ.સી.સી. કમિટીના સદસ્ય તરીકે બે વર્ષ માટે નિમણૂંક કરેલ છે તેમના તરફથી રૂ. ૧૦૧/– ભેટ મળેલ છે.

## શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા–અમદાવાદ સુજ્ઞ જ્ઞાતિજનો તથા બાજખેડાવાળ પત્રિકાના આજીવન સભ્યો

જય ભારત સાથે જણાવવાનું કે બાજખેડાવાળ પત્રિકામાં અગાઉ જન્માક્ષરો ખૂબ જ પ્રમાણમાં આવતા હતા પરંતુ હાલ ઘણા બધા માધ્યમો જેવા કે, વ્હોટસએપ, ફેસબુક, મેરેજ કોન્ફરન્સ ચાલુ થયા હોવાને કારણે દિવસે દિવસે સંખ્યામાં ઘટાડો થતો જાય છે તથા ગામે ગામની પ્રવૃત્તિના જે અહેવાલ છપાતા હતા તે પણ હવે નહીવત થઈ ગયા છે જેને કારણે દરેક ગામે પોતાના વ્હોટસએપ ગ્રુપ બનાવેલ છે જે પ્રચાર પ્રસારનું માધ્યમ બનેલ છે. આપણે છેલ્લા ૬–૮ મહિનાથી પત્રિકાના અડધા પેજ છાપીને પ્રસિદ્ધ કરવાના પ્રયત્નોમાં હતા. આમ છતાં ૧૬ પેજની મેટર પૂરી પડતી નથી આવા સંજોગોમાં પત્રિકા બંધ કરવાની પણ ફરજ પડે. પરંતુ આપ સૌને પત્રિકા તો પહોંચાડવી જ છે. તેવા સંજોગોમાં નીચે મુજબની વિગતથી મોકલેલ માહિતીને સ્કેન કરી આપશ્રી પત્રિકાના વ્હોટસ અપ માધ્યમમાં જોડાઈ શકો છો.

**બાજખેડાવાળ પત્રિકા માટે**

**BAJKHEDAWAL PATRIKA2**

WhatsApp group

Registered Under RNI No. GUJGUJ/2007/20537 date 24-07-07 Permitted to Post at PSO Ahmedabad on last day of month Regd. Under Postal Regd. No. GAMC-705/2022-24 issued by SSP Ahmedabad valid & Renewed upto Dt. 31-12-2024 LPWP No. PMG / NG / 100 / 2022-2024 valid upto 31-12-2024 Published on 27th Every Month

**WebSite પર પત્રિકા મેળવવા માટે**

*શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા દ્વારા પ્રકાશિત થતી માસિક "બાજખેડાવાળ પત્રિકા" આપ સર્વે* http://abbhs.in *પર* Patrika *વિભાગ પર ક્લિક દરેક માસની પત્રિકા ડાઉનલોડ કરી જોઈ શકશો.*

**What's APP પર પત્રિકા મેળવવા માટે**

*છેલ્લા ઘણાં સમયથી પોસ્ટ ઓફિસમાં પત્રિકા નહી મળવાની તેમજ મોડી મળવાની ફરિયાદો આવે છે. જેમાં સંસ્થા દ્વારા કંઈ પણ કરી શકાય તેવી પરિસ્થિતિમાં નથી. પત્રિકા મેળવવા માટે એક જાહેરાત આપેલ છે જે સ્કેન કરી તમે પત્રિકા* What's APP *માધ્યમથી દર મહિને જોઈ શકો છો જેની નોંધ લેશો પત્રિકાના હયાત સભ્યો પણ આ લાભ લઈ શકે છે આમ છતાં આપને કોઈ તકલીફ હોય આમાં જોડાવામાં તો સંસ્થાની ઓફિસના નંબર પર ૭૫૭૩૯૭૮૪૭૭ પર ભાવેશભાઈ પંડયાનો સંપર્ક કરી શકશો. કાયમી ઉકેલ લાવવાના શુભ આશયથી વિના મૂલ્યે* What's APP *ગ્રુપ ચાલુ કરેલ છે તેનો લાભ લેવા નમ્ર વિનંતી. ગામે ગામના પ્રમુખોને આ લાભ લેવા માટેની માહિતી આપેલ છે જેની ખાસ નોંધ લેશો.*

**માલિક – પ્રકાશક – મુદ્રક – પ્રકાશન સ્થાન**

**શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા વતી અને તરફથી શ્રી જગતભાઈ એચ. દવે** દ્વારા ઘર્મેશ પ્રિન્ટોરીયમ, પ્રેસ, બી–૬, ૨૩ અને ૧૨–બી અગ્રવાલ ઈન્ડસ્સ્ટ્રીયલ એસ્ટેટ, અગ્રવાલ આઈસ ફેક્ટરી કંમ્પાઉન્ડ, દુધેશ્વર, અમદાવાદમાં છપાવી બાજખેડાવાળ પત્રિકા નં.૧–૨, રામેશ્વર ફલેટ, બાજખેડાવાળ સોસાયટી પાસે, મણિનગર (પૂર્વ), અમદાવાદ–૮થી પ્રકાશિત કર્યું. (મો.) : ૭૫૭૩૯૭૮૪૭૭

**(M) 9898535030, 9974127810**